# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 14-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**DAY : MONDAY** **NATIONAL NEWS**

નમસ્કાર,આકાશવાણી,

**OPENING SIGNATURE TUNE**

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) ભારતે ચીન સાથે મુક્ત વિચારો અને દ્રષ્ટિકોણના આદાનપ્રદાનના મહત્વ પર ભાર મૂક્યો.

2) ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને એક્સિઓમ- 4ના ચાલક દળના અન્ય ત્રણ સભ્યોની પરત યાત્રા આજથી શરૂ થશે.

3) મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ, દુબઈમાં, વૈશ્વિક કંપનીઓ અને નીતિ નિર્માતાઓ સાથે મધ્યપ્રદેશમાં રોકાણ અંગે વાતચીત કરશે.

4) રશિયા સામેની લડાઈમાં યુક્રેનને મદદ કરવા અમેરિકા પેટ્રિઅટ હવાઈ સંરક્ષણ શસ્ત્રો મોકલશે.

5) લોર્ડ્ઝ ટેસ્ટમાં ઇગ્લેંડ સામે જીત મેળવવા ભારતને 135 રનની જરૂરિયાત.

.......................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# JAISHANKAR-CHINA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જટિલ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વચ્ચે ભારત અને ચીન વચ્ચે મુક્ત વિચારો અને દ્રષ્ટિકોણના આદાનપ્રદાનના મહત્વ પર ભાર મૂક્યો છે. ડૉ. જયશંકરે આજે બેઇજિંગમાં ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે મુલાકાત કરી હતી. તેમણે જણાવ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો સામાન્ય બનાવવાથી પરસ્પર ફાયદાકારક પરિણામો મળી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે ગયા ઓક્ટોબરમાં કાઝાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ વચ્ચેની મુલાકાત બાદ ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં સતત સુધારો થઈ રહ્યો છે. તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ મુલાકાતમાં તેમની ચર્ચાઓ સકારાત્મક માર્ગ જાળવી રાખશે.

ડૉ. જયશંકરે નોંધ્યું હતું કે કૈલાસ માનસરોવર યાત્રા ફરી શરૂ થવા થી ભારતમાં પણ આ નિર્ણયની વ્યાપક પ્રશંસા થઈ રહી છે. તેમણે કહ્યું કે ભારત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન- **SCO**માં ચીનના સફળ પ્રમુખપદને સમર્થન આપે છે. ડૉ. જયશંકર આવતીકાલે તિયાનજિન શહેરમાં **SCO** વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપશે. સાંભળીએ એક અહેવાલ...

## (વોઈસ કાસ્ટ- ANAND PATHAK)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV. AXIOM-4

ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને એક્સિઓમ-૪ મિશનના અન્ય ત્રણ ચાલક દળના સભ્યોની પરત યાત્રા આજથી શરૂ થશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, અનડોકિંગ આજે ભારતીય સમયાનુસાર સાંજે સાડા ચાર વાગ્યે સુનિશ્ચિત થયુ છે.

તેમણે કહ્યું કે , ચાલક દળ આવતીકાલે ભારતીય સમયા પ્રમાણે બપોરે ૩ વાગ્યે પૃથ્વી પર પરત આવશે. ઉતરાણ પછી , ગ્રુપ કેપ્ટન શુક્લા , ચાલક દળના સભ્યો સાથે , પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં પુન: અનુકૂલન સાધવા માટે ફ્લાઇટ સર્જનોની દેખરેખ હેઠળ ૭ દિવસના પુનર્વસન કાર્યક્રમમાંથી પસાર થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHANDRAYAAN- 3 LAUNCH ANNIVERSARY

ભારતના વિજ્ઞાન અને દ્રઢ નિશ્ચયની ઐતિહાસિક સિદ્ધિ સમાન ચંદ્રયાન-3 એ આજે બે વર્ષ પૂર્ણ કર્યા છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીકના ઉચ્ચપ્રદેશોમાં લેન્ડર અને રોવર મૂકવાનો અને લેન્ડિંગ અને રોવિંગ ક્ષમતાઓનું પ્રદર્શન કરવાનો હતો.

2023માં આ દિવસે, ભારતીય અવકાશ સંશોધન સંગઠન- **ISRO** દ્વારા વિકસિત **LVM3 M4** રોકેટે ચંદ્રયાન-3ને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં લોન્ચ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MP CM DUBAI

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ , આજે દુબઈમાં, વૈશ્વિક કંપનીઓ અને નીતિ નિર્માતાઓ સાથે મધ્યપ્રદેશમાં વિશાળ રોકાણ તકો અંગે વાતચીત કરશે. મુખ્યમંત્રી હાલમાં ઉદ્યોગ , ટેકનોલોજી, કાપડ, ગ્રીન એનર્જી અને પર્યટન સહિત વિવિધ ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવાના ઉદ્દેશ્ય સાથે વિદેશ પ્રવાસ પર છે. આ પછી, તેઓ સ્પેનના પ્રવાસે જશે, તેમનું રોકાણ 19 જુલાઈ સુધીનું છે.

મુખ્યમંત્રી ડૉ. યાદવ , ધ ઇન્ડસ આંત્રપિન્યોરના ચેરમેન પી.કે. ગુલાટીને મળશે અને સ્ટાર્ટઅપ અને ઇનોવેશનના ક્ષેત્રમાં શક્યતાઓ પર વાતચીત કરશે. મુખ્યમંત્રી ડૉ. યાદવ એમિરેટ્સ એરલાઇન્સના અધિકારીઓ સાથે પ્રસ્તાવિત બેઠકમાં હવાઈ જોડાણ અને લોજિસ્ટિક્સને મજબૂત બનાવવા પર વિચાર કરશે. મુખ્યમંત્રી બાદમાં ગ્રુ એનર્જી અને જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (જીઆઈટીઓ) જેવી અગ્રણી ગ્રીન એનર્જી કંપનીઓના પ્રતિનિધિઓને મળશે અને ટકાઉ વિકાસ સંબંધિત મુદ્દાઓ પર મધ્યપ્રદેશની પ્રાથમિકતાઓ શેર કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# SIKKIM KAILASH MANSAROVAR

કૈલાશ માનસરોવર યાત્રા 2025ની છઠ્ઠી ટુકડી નાથુલા , થઈને આજે સાંજે સિક્કિમ પહોંચવાની છે. આ જૂથમાં 52 વ્યક્તિઓ છે, જેમાં 45 યાત્રાળુઓ, બે સંપર્ક અધિકારીઓ અને એક આઇટીબીપી ડૉક્ટરનો સમાવેશ થાય છે. ચાર સહાયક કર્મચારીઓ પહેલેથી જ ગંગટોકમાં તૈનાત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . .

**IMD-WEATHER**

હવામાન વિભાગે આજે રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ગુજરાત, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ મધ્ય પ્રદેશના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. દિલ્હી, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, દરિયાકાંઠાના કર્ણાટક, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ઉત્તરપૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં પણ આગામી 2-3 દિવસ દરમિયાન ભારે વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગે આજે પશ્ચિમ મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, તેલંગાણા, ઉત્તરાખંડ અને પશ્ચિમ રાજસ્થાનમાં વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં દિવસ દરમિયાન ગરમ અને ભેજવાળી સ્થિતિ રહેવાની શક્યતા છે.

# US- UKRAINE MISSILES

રશિયા સામેની લડાઈમાં મદદ કરવા માટે અમેરિકા યુક્રેનને પેટ્રિઅટ હવાઈ સંરક્ષણ શસ્ત્રો મોકલશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મેરીલેન્ડમાં જોઇન્ટ બેઝ એન્ડ્રુઝ ખાતે મીડિયાને જણાવ્યું હતું કે યુક્રેનને આપવામાં આવનારી પેટ્રિઅટ મિસાઈલોની સંખ્યા નિશ્ચિય નથી. યુક્રેનને સલામતીની જરૂરિયાત હોવાને કારણે આ શસ્ત્રો મોકલશે એમ તેમણે ઉમેર્યું હતું. યુરોપિયન યુનિયન આ શસ્ત્રો માટે નાણાની ચૂકવણી કરી રહ્યું છે , રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના વલણ પર તેઓ નિરાશ થયા છે તેમ પણ ટ્રમ્પે કહ્યું હતું..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DELHI COURT NATIONAL HERALD CASE

દિલ્હીની રાઉઝ એવન્યુ અદાલતે આજે નેશનલ હેરાલ્ડ નાણાકીય ઉચાપત કેસમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સોનિયા ગાંધી , રાહુલ ગાંધી સહિત અન્ય લોકો સામે EDની ફરિયાદની નોંધ લેવા અંગેનો પોતાનો આદેશ અનામત રાખ્યો છે. અદાલતે આ મહિનાની 29મી તારીખે આ મામલાને આદેશ માટે સૂચિબદ્ધ કર્યો છે.

આ મામલો નેશનલ હેરાલ્ડ કેસમાં પૂરક ચાર્જશીટ પર નોંધ લેવી કે નહીં તે સંબંધિત હતો , જેમાં કોંગ્રેસના નેતાઓ સામે નાણાકીય ઉચાપતના આરોપો મૂકવામાં આવ્યા છે. તમામ આરોપીઓએ ચાર્જશીટ પર નોંધ લેવાના મુદ્દા પર EDની અરજીનો વિરોધ કર્યો છે અને આરોપોને નકારી કાઢ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# ED VADRA

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ઇડી શસ્ત્ર ડીલર સંજય ભંડારી સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં રોબર્ટ વાડ્રાની પૂછપરછ કરી રહ્યું છે. નવી દિલ્હીમાં ઈડી ઓફિસમાં કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રોબર્ડ વાડ્રાની પૂછપરછ કરવામાં આવી રહી છે.

અગાઉ વાડ્રાની એજન્સી દ્વારા તેમની કંપની દ્વારા ગુરુગ્રામમાં જમીનની ખરીદી સાથે સંકળાયેલા અન્ય મની લોન્ડરિંગ તપાસમાં પૂછપરછ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . .

# IRAN PREZ ATTEMPT

15 જૂને ઈરાનના તેહરાનમાં સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની બેઠકને નિશાન બનાવીને ઇઝરાય લે કરેલા હવાઈ હુમલામાં ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનને પગમાં સામાન્ય ઈજા થઈ હતી.

ઈરાનના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર , આ હુમલો સરકારને ઉથલાવવાના પ્રયાસમાં કાર્યકારી , ધારાકીય અને ન્યાયિક શાખાઓના વડાઓની હત્યા કરવાનો હતો.

આ નિવેદન 13 જૂનના રોજ ઈરાન સામે બોમ્બમારો અભિયાન શરૂ કર્યાના એક મહિના કરતાં પણ ઓછા સમયમાં આવ્યું છે , જેમાં ટોચના લશ્કરી કમાન્ડરો અને પરમાણુ વૈજ્ઞાનિકોની હત્યા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

# DAY AP-ROAD ACCIDENT

આંધ્રપ્રદેશના અન્નમય જિલ્લામાં ગઈકાલે રાત્રે થયેલા માર્ગ અકસ્માતમાં નવ લોકોના મોત થયા હતા. આ ઘટનામાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર , રાજમપેટથી રેલ્વેકોદુર બજાર તરફ જઈ રહેલી ટ્રક પુલમપેટા મંડલમાં રેડ્ડીપલ્લી તળાવના પાળા પર પલટી જતાં આ અકસ્માત થયો હતો. ઘાયલોને રાજમપેટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આંધ્રપ્રદેશના રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીરે ગઈકાલે રાત્રે થયેલા માર્ગ અકસ્માત પર ઊંડો શોક અને શોક વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET

ક્રિકેટમાં, એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ચોથા દિવસના અંતે ઇંગ્લેન્ડ સામે બીજા દાવમાં ભારતે ચાર વિકેટે 58 રન બનાવ્યા હતા. ઇંગ્લેન્ડે ભારતને જીતવા 193 રનના લક્ષ્ય આપ્યો છે. કે એલ રાહુલ હાલમાં 33 રન સાથે ક્રીઝ પર છે આજે અંતિમ દિવસે તેઓ નવા બેટ્સમેન સાથે ભારતીય ઇનિંગ ફરી શરૂ કરશે. લોર્ડ્સ ટેસ્ટ જીતવા માટે ભારતને હાલમાં 135 રનની જરૂર છે. મેચ ભારતીય સમય મુજબ બપોરે 3.30 વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . .

# INDIA U-20 WRESTLING

ભારતની U-20 ફ્રીસ્ટાઇલ કુસ્તી ટીમ કિર્ગીસ્તાનના બિશ્કેકમાં કુશતી ચેમ્પિયનશિપ 2025માં બીજા સ્થાને રહી , જેમાં 2 સુવર્ણ , એક રજત અને 5 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 157 પોઈન્ટ મેળવ્યા.

ઈરાને આ સ્પર્ધાનો ખિતાબ જીત્યો. 57 કિલોગ્રામ કેટેગરીમાં અંકુશે સુવર્ણ ચંદ્રક જીત્યો જ્યારે 79 કિલોગ્રામ કેટેગરીમાં અમિતે ઈરાન પર 5-4 થી જીત મેળવીને બીજો સુવર્ણ ચંદ્રક જીત્યો. 65 કિલોગ્રામ કેટેગરીમાં અશ્વિનીએ રજત જીત્યો, જ્યારે 70 કિગ્રા કેટેગરીમાં સૌરભ , 86 કિલોગ્રામ અને 92 કિલોગ્રામ કેટેગરીમાં સચિન, 97 કિલોગ્રામ કેટેગરીમાં વિશાલ અને 125 કિલોગ્રામ કેટેગરીમાં જસપૂરન સિંહે કાંસ્ય ચંદ્રક જીત્યા. કુલ મળીને , ભારતે 21 ચંદ્રક જીત્યા જેમાં 10 સુવર્ણ, 3 રજત અને 8 કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . .

# SUDAN KILLING

પશ્ચિમ સુદાનમાં ઉત્તર કોર્દોફાન રાજ્યના વિસ્તારો પર અર્ધલશ્કરી સહાય દળો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ઓછામાં ઓછા 18 નાગરિકો માર્યા ગયા હતા અને 31 ઘાયલ થયા હતા. સુદાનીઝ ડૉક્ટર્સ નેટવર્કે આ હુમલાને માનવતાવાદની વિરૂધ્ધનો  ક્રૂર હુમલો ગણાવ્યો છે

જૂનથી, સુદાનીઝ આર્મ્ડ ફોર્સિસ (એસએએફ) અને આરએસએફ વચ્ચે બારા શહેરની આસપાસ  લડાઈ ચાલી રહી છે

. . . . . . . . . . . . . . . . .